# કૃષિ મહાવિદ્યાલય–વ–કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો કેમ્પસ ખાતે

# "योग: कर्मसु कौशलम्" વિષે વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો ખાતે માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથિરીયા, ના માર્ગદર્શન હેઠળ તા.૨૭/ ૦૪/ ૨૦૨૩ને ગુરુવારના રોજ સાંજે ૦૪:૩૦ થી ૦૬:૦૦ કલાકે દરમ્યાન "योग: कर्मसु कौशलम्" વિષે વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. બકુલ જોષી, સર્ટીફાઇડ યોગાચાર્ય અને યોગા વેલનેસ ટ્રેનર દ્વારા "योग: कर्मसु कौशलम्" વિશે કર્મ યોગનો અર્થ અને જીવનમાં સુખ અને સફળતા માટે દરેક કર્મ કુશળતાથી કરીને યોગમાં કેવી રીતે ફેરવી શકાય તથા થિયેરી ઑફ હેપ્પીનેશ હોર્મોન્સ (D.O.S.E.) અને રિલેક્સ-યોગા માઇન્ડ થકી રોજીદાં જીવનમાં થતા વિવિધ ફાયદાઓ બાબતે ખૂબ જ રસપ્રદ વ્યાખ્યાન આપીને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ કોલેજના આચાર્ય અને યુનીટ વડા, ડૉ. વી. પી. રામાણી દ્વારા પ્રસંગોચિત્ત ઉદબોધન થકી સંર્વાગીણ વિકાસ માટે વિદ્યાર્થીઓને દૈનિક યોગ અને મેડિટેશન કરવા માટે પ્રોત્સાહિત કરેલ. આ વ્યાખ્યાન કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, વસોના તમામ વિદ્યાર્થીઓએ, અધિકારીઓ-કર્મચારીઓ અને સહાયક સ્ટાફગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. એમ. એન. જેગોડા, પ્રોગ્રામ ઓફિસર (NSS) દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ.

**************




Happiness
BAKUL JOSHI


व्याख्यान कार्यक्रम
।। योगः कर्मसु कौशलम् ।।